# ત્રિ-માસિક કસોટી

**ધોરણ 7** **વિષય : ગુજરાતી (પ્રથમ ભાષા)**

**દ્વિતીય સત્ર** **કુલ ગુણ : 40**

**C-1.1 પાઠ્યસામગ્રી (સમાચાર, રિપોર્ટ્સ, સંપાદકીય) ને કાળજીપૂર્વક સાંભળીને અથવા વાંચીને મુખ્ય મુદ્દાઓ તારવે છે અને સારાંશ કરે છે.**

**G7111** સારાંશ કરવાની પૂર્વતૈયારી રૂપે પંદરેક વાક્યના બહુભાષીય અને બહુવિષયક પરિચ્છેદનું શ્રવણ તેમજ વાંચન દ્વારા ચાવીરૂપ વિગતો તારવી બતાવે છે.

## ફકરા પરથી પ્રશ્નો

**પ્રશ્ન 1. ફકરો વાંચો અને જવાબ આપો.** **(5 ગુણ)**

જ્ઞાન એ એવો ખજાનો છે જેનું વહન કોઈ ભાર નથી. જ્ઞાનનો ઉપયોગ જેટલો વધુ થાય તેટલું વધે છે. આપણે પુસ્તક વાંચીએ, ગુરુજનો પાસેથી શીખીએ, અનુભવોમાંથી માહિતી મેળવીએ – આ બધું જ્ઞાન છે. પૈસા, સોના-ચાંદી જેવી સંપત્તિ લૂંટી શકાય છે, પણ જ્ઞાન કોઈ નહીં લઈ શકે. જ્ઞાનવાળા માણસને બધાં માન આપે છે. તે નવી વિચારશક્તિ વિકસાવે છે અને જીવનમાં સફળતા તરફ આગળ વધે છે. તેથી જ્ઞાન મેળવવા પ્રયાસશીલ રહેવું જોઈએ. ઘણા લોકો ખજાના તરીકે ધન-દોલત, કીમતી ઘરેણાં કે મોટી ઇમારતો માને છે. પણ સાચો ખજાનો તો માણસના ગુણ છે - જ્ઞાન, સંસ્કાર, સહાનુભૂતિ, શ્રમ અને ઈમાનદારી. આવા ગુણો માણસને જીવનમાં સાચો મૂલ્યવાન બનાવે છે. સારા ગુણવાળી વ્યક્તિ પરિસ્થિતિઓ સામે ધીરજથી લડે છે અને આગળ વધી શકે છે. જે ખજાનો જીવનમાં ઉપયોગી થાય, જેનાથી બીજાનું ભલું થાય એ સાચો ખજાનો કહેવાય.

**પ્રશ્નો :-**

1. જ્ઞાન માટે ફકરાને આધારે કયું વાક્ય સાચું છે?
   A. પૈસા અને સોના-ચાંદી ખરીદી શકાય.
   B. જ્ઞાનીને માન-પાન મળે છે.
   C. પૈસા હોય એ જ માણસ ખજાનો કહી શકાય.
   D. વારંવાર ભૂલો કરે એ જ ખજાનો કહેવાય.

2. જ્ઞાન જેમ જેમ વાપરીએ તેમ તેમ .......

A. ઊંચું ઊંચું જાય

B. ઘટતું જાય

C. વપરાઈ જાય

D. વધતું જાય

3. નિષ્ફળ ન રહી જવાય એ માટે ..............જરૂરી છે.

A. પૈસા

B. મિલકત

C. જ્ઞાન

D. સોના -ચાંદી

4. સગુણી વ્યક્તિ ....

A. સંતોષ સાથે આળસુ બની જાય છે.

B. સોના – ચાંદી વસાવી શકે છે.

C. મોટી મોટી ઇમારતો બાંધી શકે

D. ધીરજ બનાવી રાખે છે.

5. શું લૂંટી ન શકાય ?

A. ચાંદી અને જ્ઞાન

B. સોનું અને ચાંદી

C. જ્ઞાન અને પૈસા

D. જ્ઞાન અને સમજણ

**પ્રશ્ન 2. ફકરો વાંચો અને જવાબ આપો.** **(5 ગુણ)**

પંખી એ સ્વતંત્ર રીતે આકાશમાં ઊડતો જીવ છે. તેનું ઘર જંગલ, વૃક્ષો અને કુદરતી સ્થળોમાં હોય છે. પરંતુ આજે માણસ વૃક્ષો કાપી નાખે છે, જંગલો નષ્ટ કરે છે, કુદરતને નુકસાન કરે છે. પરિણામે, પંખીઓના ઘરનો નાશ થાય છે અને તેમને ભટકવું પડે છે. જો આપણે તેમની જગ્યા લીધા વગર વિકાસ કરીએ, તો કુદરતી તંત્ર જળવાઈ શકે. પંખીડાં આજે અમને સંદેશ આપે છે કે “અમારું નિવાસ સ્થિર રાખો, નહીં તો તમારું ભવિષ્ય પણ અસ્થિર થશે.” પંખીડાં પોતાનું ઘર ગુમાવી રહ્યાં છે, પણ શું આપણે ઈમાનદારીથી વિચારીએ છીએ કે એ ઘર કોણ લઈ રહ્યું છે? માણસે રસ્તાઓ, મકાનો, ફેક્ટરીઓ બનાવવા વૃક્ષોને કાપી નાખ્યાં. પણ તેને ભૂલી જવાયું કે દરેક પંખી, જીવ કે જીવાત પણ આ ધરતીના હકદાર છે. કુદરત માત્ર માનવજાત માટે નથી. જો આપણે હવે પણ વિચારીશું નહીં, તો એક દિવસ એવી સ્થિતિ આવશે કે ન છાંયો રહેશે,

ન ગીત ગાતાં પંખીડાં. માનવી માટે ખરું માનવત્વ એ જ છે કે તે અન્ય જીવોને જીવી શકે તેવી જગ્યા આપે.

1. કુદરતને કેવી રીતે નુકસાન થાય છે ?
    - A. ઘર જંગલોમાં હોવાથી
    - B. જંગલો નષ્ટ થવાથી
    - C. પક્ષી અને પ્રાણીઓને ઘર ન હોવાથી
    - D. ફેક્ટરીઓ ઓછી બનવાથી

2. **પંખીઓ પોતાનાં ઘર ગુમાવી રહ્યાં છે કારણ કે ...**
    - A. વૃક્ષો વધુ ને વધુ વવાયાં.
    - B. માણસોએ ધાબાવાળાં મકાન બનાવી દીધાં
    - C. વૃક્ષો કપાતાં ને કપાતાં ગયાં.
    - D. પંખીઓ વધુને વધુ દૂર રહેવા લાગ્યાં.
3. **ખરી માનવતા .....**
    - A. જંગલોને કાપવામાં છે.
    - B. પંખીઓના માળા બનાવી આપવામાં છે.
    - C. વધુને વધુ વૃક્ષોની ભેટ આપવામાં છે
    - D. સજીવો માટે યોગ્ય જગ્યા આપવામાં છે.
4. ફકરાને આધારે નીચેનામાંથી કયું વાક્ય બંધબેસતું છે ?
    - A. નિવાસ સ્થિર ન હોય તો જ સારું.
    - B. નિવાસ સ્થિર ન હોય તો ભવિષ્ય અસ્થિર થઈ જાય.
    - C. નિવાસ અસ્થિર હોય તો જાણવા-શીખવા મળે.
    - D. નિવાસ જાતે અને સતત બનાવવો જોઈએ.
5. પંખીઓનું ઘર કોણે છીનવી લીધું ?
    - A. જંગોલોએ અને શહેરોએ
    - B. વૃક્ષોએ, બગીચાઓએ
    - C. ફેક્ટરી, રસ્તાઓ,મકાનોએ
    - D. કુદરતે

પ્રશ્ન ૩. **ફકરો વાંચો અને જવાબ આપો.** **(5 ગુણ)**

મારા પાંચ ભાઈઓમાંથી એક જ બી.એ. સુધી પહોંચી શક્યો. બાકીના બધા વચમાં જ ક્યાક ક્યાંક અટકી ગયા. અંગ્રેજી કેળવણી પાછળ ભારે ખર્ચ કર્યા છતાં પોતાની ઉમેદ બર ન આવી એમ જોઈ પિતાશ્રી ખૂબ હતાશ થયા હતા! એમણે પહેલેથી જ નકકી કરેલું કે દત્તુને કૉલેજમાં નથી જ મોકલવો. હું મનમાં ચીડાતો : વાંક બીજાનો ને સજા મને થાય છે ! પણ મે કશું કહ્યું નહીં. જ્યારે પહેલે જ વર્ષે હું મેટ્રિક પાસ થયો ત્યારે મારી કંઈક શાખ જામી. તે જ વર્ષ શાળાની આબરૂ જાળવવા અમે મેટ્રિકના ત્રણ વિદ્યાર્થીઓ યુનિવર્સિટી સ્કૂલ ફાઇનલ માટે પણ બેઠા હતા. એ પરીક્ષાનું પણ છેલ્લું વર્ષ હતું. એમાં પણ હું પાસ થયો, એટલું જ નહીં પણ મારો નંબર ઠીક ઠીક ઊંચો આવ્યો. આ બે પરીક્ષાને જોરે મે કૉલેજમાં જવાની માંગણી કરી. છતાં પિતાશ્રી એક ના બે ન થયા. આખરે મેં એમને કહ્યું, તમે જાણો છો કે મારું અંગ્રેજી અને ગણિત બંને સારાં છે. મને ઈજનેરી લાઇનમાં જવા દો. પ્રિવિયસની પરીક્ષા પાસ થયા વગર ઍંજિનિયરિંગ કૉલેજમાં જવાય જ નહીં. એટલે એક જ વરસ હું આટ્ર્સ કૉલેજમાં જઈશ.' મારી આ દલીલથી પિતાશ્રી પીગળ્યા અને એમણે મને કૉલેજમાં જવાની રજા આપી.

1. શાળાની આબરૂ કેવી રીતે જળવાઈ ?
   A. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ પરીક્ષામાં પ્રથમ આવ્યા.
   B. મેટ્રિકના ત્રણ વિદ્યાર્થીઓ આખરી પરીક્ષામાં બેઠા.
   C. બધા વિદ્યાર્થીઓએ પાસ થઈ ગયા એટલે
   D. ઉપર પૈકી એક પણ નહીં

2. દત્તુની કઈ વાતમાં પિતાજી માન્યા જ નહીં ?
   A. અંગ્રેજી વિષય સાથે કૉલેજ કરવાની
   B. કૉલેજમાં પ્રવેશ લેવાની
   C. ઇજનેરીમાં જવા માટે
   D. ઉપરોક્ત તમામ

3. એમણે પહેલેથી જ નક્કી કરેલું કે દત્તુને કૉલેજ નથી મોકલવો અહીં "એમણે એટલે ?
   A. પિતાશ્રી
   B. દત્તુ
   C. યુનિવર્સિટીના પ્રોફેસર
   D. પોતે

4. પિતાશ્રીને એવું કેમ લાગ્યું કે પૈસા બગડ્યા ?

A. પોતાની ઇચ્છા મુજબ અંગ્રેજીનું શિક્ષણ  ન થયું એટલે

B. પોતાના કહ્યામાં ન હતો એટલે

C. ઇજનેરીના અભ્યાસનો નિર્ણય લીધો એટલે

D. છોકરો કોલેજ ગયો એટલે

5. પિતાશ્રી દત્તુની વાત માની ગયા. એને લાગુ પડતું નીચેનાંમાંથી કયું વિધાન  સાચું છે ?

A. અંગ્રેજીમાંથી ગુજરાતી વિષય પસંદ કર્યો

B. કૉલેજ માટેની રજા આપી.

C. ગુજરાતી લઈ ઈજનેરીમમાં પ્રવેશ માટે સમંત

D. ફી પાછી આપી દીધી એટલે

**પ્રશ્ન 4. ફકરો વાંચો અને જવાબ આપો.** **(5 ગુણ)**

ઉત્તર ભારતમાં મંદિરોની લાક્ષણિકતા એનાં ગોળ શિખરો અને સ્તંભ વિનાના ખંડો છે. દક્ષિણ ભારતમાં શંકુ આકારનાં અણીદાર શિખરોવાળાં મંદિરો બંધાયાં. દક્ષિણ ભારતમાં ગોપુરમ્ (મંદિરનું પ્રવેશદ્વાર) મંદિરોની વિશેષતા છે. મંદિરોમાં ગર્ભગૃહ, અંતરાલ, મંડપ, શૃંગાર-ચોકી કે મુખમંડપ હોય છે. મંદિરને પ્રદક્ષિણાપથ હોય છે.

આ સમયગાળામાં કેટલાંક મહત્ત્વપૂર્ણ મંદિરોમાં પલ્લવકાલીન રથમંદિરો અને તાંજોરના રાજરાજેશ્વર મંદિરનો સમાવેશ થાય છે. તાંજોરનું રાજરાજેશ્વર મંદિર તે સમયનું સૌથી ઊંચું મંદિર ગણાતું હતું.

મુઘલ સ્થાપત્યકલા એકદમ વિશિષ્ટ હતી. મુઘલ સ્થાપત્યકલાનો વિશેષ નમૂનો હુમાયુના મકબરામાં દેખાય છે. અકબરે આગ્રાનો કિલ્લો અને ફતેપુર સિક્રીનો કિલ્લો બંધાવ્યો હતો. શેરશાહનો સસારામનો મકબરો આ સમયનું અગત્યનું સ્થાપત્ય છે. મુઘલોએ બાગ-બગીચાની એક આખી પરંપરા શરૂ કરી હતી. જેમાં કશ્મીરનો નિશાતબાગ, લાહોરનો શાલીમાર બાગ અને આગ્રાના આરામબાગનો સમાવેશ થાય છે.

મુઘલ સ્થાપત્યકલાનું સર્વોચ્ચ શિખર શાહજહાંએ બંધાવેલ આગ્રાના તાજમહેલમાં જોવા મળે છે. વિશ્વની સાત અજાયબીઓમાં સ્થાન ધરાવતા ઉત્તરપ્રદેશના આગ્રામાં યમુના નદીના કિનારે આવેલ તાજમહાલનું નિર્માણ મુઘલ બાદશાહ શાહજહાંએ પોતાની બેગમ મુમતાજ મહલની યાદમાં કરાવ્યું હતું. તાજમહાલ ભારતના સ્થાપત્યકલાના વારસાને ગૌરવાન્વિત કરે છે

અને દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે.

આ ઉપરાંત દિલ્લી સ્થિત લાલકિલ્લાનું નિર્માણ શાહજહાંએ કરાવ્યું હતું. લાલ પથ્થરોથી તૈયાર થયેલ આ કિલ્લામાં દીવાન-એ-આમ, દીવાન-એ-ખાસ, રંગમહેલ જેવી મનોહર ઈમારતો બંધાવી હતી. તેની સજાવટમાં સોનું, ચાંદી, કીમતી પથ્થરોનો અદ્ભુત સમન્વય થયો છે. આ જ કિલ્લામાં શાહજહાંએ કલાત્મક મયૂરાસન બનાવડાવ્યું હતું. દર વર્ષે 15મી ઓગસ્ટ તથા 26મી જાન્યુઆરીએ આ લાલકિલ્લા પરથી ધ્વજવંદન કરવામાં આવે છે.

**પ્રશ્નો :**

1. તાજમહાલને વિશ્વની સાત અજાયબીઓમાં કેમ સ્થાન મળ્યું છે?
   - A. તે બધી ઇમારતોમાં ખૂબ જ સુંદર ઇમારત છે.
   - B. તેને શાહજહાંએ પત્નીની યાદમાં બંધાવેલું છે તેથી.
   - C. તે ભારતની સ્થાપત્યકલાનો ઉત્તમ નમૂનો છે તેથી.
   - D. તે પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર છે તેથી.
2. આમાંથી કઈ દક્ષિણના મંદિરોની લાક્ષણિકતા નથી ?
   - A. મંદિરની ફરતે ફરવા માટે રસ્તો હોય છે.
   - B. અણીદાર શિખરોવાળાં મંદિરો છે.
   - C. શંકુ આકારનાં મંદિરો છે.
   - D. બહુ જ ઊંચા મંદિરો છે.
3. લાલ કિલ્લો કેમ લાલ રંગનો દેખાતો હશે?
   - A. તેને લાલ રંગ કરેલો હશે.
   - B. પથ્થરોને લાલ રંગ કરીને લગાવ્યા હશે.
   - C. લાલ રંગના પથ્થરોનો ઉપયોગ કર્યો હશે.
   - D. લાલ રંગની ઇંટોનો ઉપયોગ કર્યો હશે.
4. ફકરાને આધારે કયું વાક્ય સાચું નથી?
   - A. મુઘલ સમયમાં  ખૂબ સુંદર સ્થાપત્યોનું નિર્માણ થયું હતું.
   - B. મુઘલોએ ઘણા બધા બાગ બગીચા બનાવડાવ્યા હતા.
   - C. મુઘલોએ લાલકિલ્લાનું નિર્માણ કર્યું હતું.
   - D. અકબરે લાલકિલ્લાનું નિર્માણ કરાવ્યું હતું.

5. શાહજહાંએ લાલ કિલ્લામાં કલાત્મક શું બનાવડાવ્યું હતું?

A. મયૂરોને બેસવા માટેનું આસન

B. મોરને બેસવા માટેનું આસન

C. મયૂરના આકાર જેવું આસન

D. મયૂરના રંગ જેવા રંગનું આસન.

**પ્રશ્ન 5. ફકરો વાંચો અને જવાબ આપો.** **(5 ગુણ)**

દાદાજી સમજાવવા લાગ્યા, "બેટા આને કહેવત કહેવાય. બધી ભાષામાં કહેવતો જોવા મળે છે. કહેવત એટલે લોકજીભે બોલાતા આવતા શબ્દોનો સમૂહ. વ્યાવહારિક અનુભવના આધારે પરાપૂર્વથી બોલાતા આવતા શબ્દસમૂહને કહેવત કહે છે. આપણી ગુજરાતી ભાષા પણ આવી અસંખ્ય કહેવતોથી સમૃદ્ધ છે. આપણી ભાષામાં એકબીજાથી વિરુદ્ધ અર્થ થતા હોય તેવી કેટલીક કહેવતો છે. જેમકે, બોલે તેનાં બોર વેચાય અને ન બોલ્યામાં નવ ગુણ કે પછી માગ્યા કરતાં મરવું ભલું અને માગ્યા વિના મા પણ ના પીરસે. કેટલીક કહેવતો અલગ અલગ હોવા છતાં તેનો અર્થ એક જ થતો હોય તેવી સમાનાર્થી કહેવતો પણ આપણી પાસે છે. જેવી કે અધૂરો ઘડો છલકાય અને ખાલી ચણો વાગે ઘણો, ઊજળું એટલું દૂધ નહીં ને પીળું એટલું સોનું નહીં."

પ્રશ્નો:

1. 'કહેવત'ની યોગ્ય વ્યાખ્યા કઈ છે?

A. લેખક દ્વારા રચાયેલ સુવ્યવસ્થિત વાક્ય

B. લોકજીભે બોલાતા, અનુભવ પરથી ઉદ્ભવેલા શબ્દસમૂહ

C. શાસ્ત્રીય ભાષામાં લખાયેલ સૂત્ર

D. માત્ર કાવ્યમાં વપરાતા શબ્દો

2. નીચેની કઈ વિશેષતા કહેવતો માટે યોગ્ય નથી?

A. પરંપરાથી ચાલતી આવે છે

B. વ્યવહારિક અનુભવ પરથી બનેલી છે

C. દરેક વખતે એક જ અર્થ આપે છે

D. લોકભાષામાં પ્રચલિત છે

3. 'બોલે તેનાં બોર વેચાય' અને 'ન બોલ્યામાં નવ ગુણ' કહેવતો વિશે યોગ્ય નિવેદન કયું છે?

A. બંને સમાન અર્થ ધરાવે છે

B. બંને વિરુદ્ધ અર્થ દર્શાવે છે

C. બંને એક જ પરિસ્થિતિમાં લાગુ પડે છે

D. બંને કહેવતો ખોટી છે

4. 'માગ્યા કરતાં મરવું ભલું' અને 'માગ્યા વિના મા પણ ના પીરસે' કહેવતો દ્વારા લેખક શું સમજાવવા માગે છે?

A. બંને કહેવતો એકબીજાને સમર્થન આપે છે
B. બંને કહેવતો એકબીજાના વિરુદ્ધ વિચાર દર્શાવે છે
C. બંને કહેવતો સમાનાર્થી છે
D. બંને કહેવતોનો કોઈ અર્થ નથી

5. નીચેમાંથી સમાનાર્થી કહેવતોની યોગ્ય જોડ કઈ છે?

A. બોલે તેનાં બોર વેચાય – ન બોલ્યામાં નવ ગુણ
B. અધૂરો ઘડો છલકાય – ખાલી ચણો વાગે ઘણો
C. માગ્યા કરતાં મરવું ભલું – બોલે તેનાં બોર વેચાય
D. ઊજળું એટલું દૂધ નહીં – ન બોલ્યામાં નવ ગુણ

7. 'ઊજળું એટલું દૂધ નહીં ને પીળું એટલું સોનું નહીં' કહેવત શું સૂચવે છે?

A. બધું ચમકતું સત્ય હોય છે
B. દેખાવ હંમેશાં ભ્રમજનક હોય છે
C. રંગનો કોઈ અર્થ નથી
D. દૂધ અને સોનાનું મહત્ત્વ

8. લેખક અનુસાર ગુજરાતી ભાષા કેવી રીતે સમૃદ્ધ છે?

A. લાંબાં વાક્યોને કારણે
B. વિદેશી શબ્દોથી
C. અસંખ્ય કહેવતોને કારણે
D. કઠિન વ્યાકરણને કારણે

**પ્રશ્ન 6. ફકરો વાંચો અને જવાબ આપો. (5 ગુણ)**

સોહમની સાથે દાદાજી પણ ઊભા થયા. તેમણે જોયું તો કરણ અને રૂપમની સાથે રૂપમની બહેન રાગિણી પણ હતી. દાદાજી સૌને ઘરમાં બોલાવી લાવ્યા. તેમણે સૌને સોહમના પ્રૉજેક્ટ વિશે વાત કરી સોહમને મદદ કરવા સમજાવ્યા. સોહમના મિત્રો તો દાદાજીની વાત સાંભળીને ખુશ થઈ ગયા. રાગિણીનો ઉત્સાહ પણ છાનો ન રહ્યો. કરણને કાગળમાંથી જાતજાતની ચીજવસ્તુઓ બનાવવાનો શોખ હતો, તો રાગિણીને ચિત્રકામનો. કરણે બધાંને ગ્રહો, તારાઓ, તારામંડળ, સૂર્ય,

ચંદ્ર, આકાશગંગા, સ્પેશ શટલ, રૉકેટ વગેરે કાગળમાંથી કેવી રીતે બનાવવાં તે શીખવ્યું અને રાગિણીએ સૂર્ય, ચંદ્ર, તારા, ગ્રહો વગેરેનું સ્થાન નક્કી કરીને પ્રૉજેક્ટને અનુરૂપ રંગોથી ચાર્ટ પેપર સમજાવવાંનું બીડું ઝડપી લીધું. જોતજોતામાં તો ચંદ્ર, તારા, વામન ગ્રહો, વગેરે સાથે આખુંયે સૂર્યમંડળ સોહમના ચાર્ટપેપર ઉપર ઊતરી આવ્યું. ત્યાં તો નાનકડો અનુપ દોડતો આવીને તેની પાસેના ચળકતા રંગો બતાવીને બોલ્યો, "આનાથી તારા બનાવો તો કેવું ? તરત જ તે અનુપ પાસેથી લઈને, "વાહ ! આ તો સોનામાં સુગંધ ભળી." એમ કહીને કરણે ઝીણાં ઝીણાં ચળકતાં ટપકાં કરીને તારા દોરી દીધા. આમ સોહમનો પ્રૉજેક્ટ પૂરો થયો."

પ્રશ્નો:

1. દાદાજીએ સૌને ઘરે બોલાવી સોહમને મદદ કરવા સમજાવવાનું કારણ શું હોઈ શકે?
2. જો કરણ અને રાગિણી પાસે તેમની ખાસ કળા ન હોત, તો પ્રૉજેક્ટ કેવી રીતે બદલાઈ ગયો હોત?
3. સોહમના પ્રૉજેક્ટની સફળતામાં ટીમવર્કનું મહત્ત્વ કેવી રીતે દેખાય છે?
4. અનુપના સૂચનથી પ્રૉજેક્ટમાં શું ખાસ ફેરફાર આવ્યો?
5. દાદાજીની ભૂમિકા વગર બાળકોનો ઉત્સાહ કેવો રહેતો? તમારું કારણ આપો.

## વાર્તા/ પ્રસંગ / આલેખ કે પોસ્ટરના આધારે પ્રશ્નો

**C-1.1 પાઠ્યસામગ્રી (સમાચાર, રિપોર્ટ્સ, સંપાદકીય) ને કાળજીપૂર્વક સાંભળીને અથવા વાંચીને મુખ્ય મુદ્દાઓ તારવે છે અને સારાંશ કરે છે.**

G7111 સારાંશ કરવાની પૂર્વતૈયારી રૂપે પંદરેક વાક્યના બહુભાષીય અને બહુવિષયક પરિચ્છેદનું શ્રવણ તેમજ વાંચન દ્વારા ચાવીરૂપ વિગતો તારવી બતાવે છે.

**પ્રશ્ન 1.** (1) **વાર્તા વાંચો અને જવાબ આપો.** **(5 ગુણ)**

ગોલુ નામનો છોકરો. પાંચેય ભાઈ- બહેનોમાં તે વચેટ. તેને ખાવાનો એટલો શોખ કે ન પૂછો વાત. દિવસ ઊગે ને બસ એક જ રઢ. મમ્મી મનગમતું જમવાનું ન બનાવી આપે તો મોઢું ફુલાવીને બેસી જાય. અને મમ્મી જો મનગમતી વાનગી બનાવવાની વાત કરે તો એના વિચારમાત્રથી જ તેનું મોં પાણી પાણી થઈ જાય. ગામમાં સારા- માઠા પ્રસંગે જમણવાર હોય તો ગોલુ માટે તો જાણે દોડવું હતું ને ઢાળ મળ્યો એવું થઈ પડે. જમણવારમાં જવાનું હોય તેની આગલી રાત્રે તો તેને સપનું પણ જમણવારનું જ આવે. મસ્તમજાનો ગોળ ગોળ લાડવો મોઢામાં મૂક્યો હોય ને આંખ ખૂલી જાય. પછી આંખોને એટલી તો દબડાવતાં કહે, “ તમને થોડીવાર મીંચાઈ રહેવામાં શું થાક લાગવાનો હતો?” પલકવારમાં જ પછી સ્વસ્થ થઈને મનને સમજાવે કે થોડીવારમાં લાડવો ખાવાનો જ છે ને! જમણવારમાં તો રીતસર પલાંઠી વાળી બેસે અને એટલી તો મીઠાઈ ઝાપટે કે બધાંની આંખો પહોળી થઈ જાય. બધા તેને કહે પણ ખરા, “ ગોલુ, પેટ પારકું નથી હો!” પણ ગોલુ કોઈનું માને તો ને. પણ આ વખતે ગોલુને લાડવા ભારે પડ્યા. ડૉક્ટરે કહ્યું, “ ગોલુને જઠર પર સોજો છે. તે ઓછામાં ઓછા દોઢ મહિના સુધી ખોરાકમાં તેલ-ઘી લઈ શકશે નહીં.” ગોલુ લટકેલા મોઢે ઘરે પાછો આવ્યો ત્યારે દાદા દાદીએ માથે હાથ ફેરવતાં કહ્યું, “ બેટા! એટલે જ તો અમે બધા કહેતા હતા કે પેટ પારકું નથી…”

પ્રશ્નો :

1. ગોલુ લાડવા ઝાપટતો હતો એટલે શું કરતો હતો?
   - A. તે લાડવાને ઝાપટ મારતો હતો.
   - B. તે લાડવાને ઝાડુ મારતો હતો.
   - C. તે વધુ પડતા લાડવા ખાતો હતો.
   - D. તે મોટા મોટા લાડવા ખાતો હતો.

2. ગોલુને મનગમતું જમવાનું ન મળે તો તે...
    A. મોઢામાં હવા ભરીને બેસી રહેતો.
    B. રિસાઈને બેસી રહેતો.
    C. ગુસ્સે થઈ જતો.
    D. ખાઈને ફુલાઈ જતો.
3. ફકરાને આધારે સાચું વાક્ય કયું છે?
    A. ગોલુ ભાઈબહેનોમાં ચોથા ક્રમે હતો.
    B. ગોલુ ભાઈબહેનોમાં સૌથી મોટો હતો.
    C. ગોલુ ભાઈબહેનોમાં વચેટ હતો.
    D. ગોલુ ભાઈબહેનોમાં ત્રીજા ક્રમે હતો.
4. બધા ગોલુને શી શિખામણ આપતા હતા?
    A. ગોલુએ માપસર ખાવું જોઈએ.
    B. ગોલુએ સાવ ઓછું ખાવું જોઈએ.
    C. ગોલુએ ઓછું ખાવું ન જોઈએ.
    D. ગોલુંએ પેટ ભરીને ખાવું જોઈએ.
5. ગોલુએ આંખોને ફરિયાદ કેમ કરી?
    A. તેની ઊંઘ પૂરી ન થઈ.
    B. તેને ઊંઘવામાં મજા આવતી હતી.
    C. તેનું સપનું અધૂરું રહી ગયું.
    D. તેના સપનામાં લાડવા આવ્યા.
6. દાદા દાદીએ ગોલુને કેવી રીતે શિખામણ આપી?
    A. વઢીને
    B. ધમકાવીને
    C. ફેરવીને
    D. વહાલ કરીને

**પ્રશ્ન 2. (1) વાર્તા વાંચો અને જવાબ આપો. (5 ગુણ)**

એ ઘટના એમ બની હતી કે જયારે વાલો કેસરિયો વડોદરા હતો ત્યારે તેને એક આરબ જમાદાર સાથે ઓળખાણ થયેલી ને ત્યાં જ વાલા કેસરિયાની બેઠઊઠ રહેતી હતી. એવામાં એક દિવસ આરબ જમાદાર એક વિધવા બાઈને ખખડાવે છે કે જેના ધણી દેવાજીએ આ આરબ પાસેથી વ્યાજે પૈસા લીધેલ ને તે મરી જતાં તે ન ભરાતાં આરબ તો ઉલાળા મારે છે કે મારે પૈસા જોઈએ હું બીજું કશું ન સાંભળું, બાઈ બિચારી કહે 'અરે આ મારો છોકરો ભણે છે ને ખર્ચા ઝાઝા છે. આવક નથી પણ કાલ સવારે દીકરો ભણીગણીને મોટો થશે પછી તમારા સવાયા પૈસા ભરી દઈશું એની ના નથી'. પણ વ્યાજવાળા આવી કાકલૂદી તે શેની માને? આરબના મગજમાં બાઈની કાકલૂદીની જરાય અસર થતી નથી પણ ત્યાં કાઠિયાવાડનો દયાળુ અને અને પરગજુ એવો આ ચારણ વાલો બોલ્યો કે એલાવ આ બાઈ કોઈ ખાનદાન કુળની લાગે છે, એ તો તમે જુઓ!

પ્રશ્નો :

1. ફકરાને આધારે કયું વાક્ય સાચું નથી?
    - A. સ્ત્રીએ જમાદારને અરજી કરી.
    - B. સ્ત્રીએ જમાદારને વિનંતી કરી.
    - C. સ્ત્રીએ જમાદારને આજીજી કરી.
    - D. સ્ત્રીએ જમાદારને વિનવણી કરી.
2. સ્ત્રીએ કહ્યું કે મારો છોકરો ભણે છે ને....
    - A. ખર્ચા ઓછા છે.
    - B. ખર્ચા બિલકુલ નથી.
    - C. ખર્ચા વધુ છે.
    - D. ખર્ચા નકામા છે.
3. જમાદાર સાથે વાલા કેસરિયાની બેઠ ઊઠ રહેતી હતી એટલે શું હતું?
    - A. જમાદાર સાથે વાલો કેસરિયો બેસી રહેતો હતો.
    - B. જમાદાર વાલા કેસરિયાના સંપર્કમાં ક્યારેક જ રહેતો.
    - C. જમાદાર સામે વાલો કેસરીયો ઊઠક બેઠક કરતો હતો.
    - D. જમાદાર વાલો કેસરિયા ગાઢ સંપર્કમાં હતો.

4. વાલો કેસરિયા માટે કયું વાક્ય ખોટું છે?
    A. બીજાના દુઃખે સુખી થનારો
    B. બીજાના દુઃખે દુઃખી થનારો.
    C. બીજાના દુઃખને પોતાના ગણનારો .
    D. બીજાના ભાગીદાર થનારો.
5. બાઈની કાકલૂદી સાંભળી જમાદારે શું કર્યું?
    A. તે દુખી થયો.
    B. તેને ગમ્યું નહીં.
    C. તેને કંઈ ફેર ન પડ્યો.
    D. તેને લાગી આવ્યું.

**પ્રશ્ન 3. (1) વાર્તા વાંચો અને જવાબ આપો.** **(5 ગુણ)**

એક દિવસ સિંહ ઊંઘી રહ્યો હતો. એક નાનકડો ઉંદર રમતો રમતો તેના શરીર પર ચઢી ગયો. સિંહ ગુસ્સે થઈ ગયો અને તેને પકડી લીધો. ઉંદરે દુખી થઈને દુઆ કરી કે "મને માફ કરો, કોઈ દિવસ હું તમારી પર ઉપકાર કરીશ." સિંહ હસી પડ્યો અને તેને છોડ્યો. થોડા જ અઠવાડિયાઓમાં સિંહ જાળમાં ફસાઈ ગયો. તે ભયથી ધ્રુજી રહ્યો હતો. ત્યારે એ જ ઉંદરે આવીને તેના તીવ્ર દાંતોથી જાળ કાપી નાખી અને સિંહને મુક્ત કર્યો. આ વાર્તાથી આપણે સમજીએ છીએ કે નાના જીવો પણ મહાન કાર્ય કરી શકે છે. સિંહ જંગલનો રાજા હોવા છતાં ફસાઈ ગયો ત્યારે તેને પણ મદદની જરૂર પડી. સામાન્ય રીતે મોટાં પક્ષીઓ કે પ્રાણીઓ ઉંદરને ધ્યાનમાં લેતાં નથી, પણ જ્યારે મુશ્કેલી આવે ત્યારે બધાંની મદદ કામ આવે છે. નાનકડા ઉંદરના દાંત પણ મોટા સિંહને બચાવવાનું સાધન બની ગયા. કોઈના મૂલ્યને તેના કદથી નક્કી ન કરવું જોઈએ. સંજોગો પ્રમાણે કોઈ પણ વ્યક્તિ અસાધારણ બની શકે છે.

પ્રશ્નો :

1. "કોઈનું મૂલ્ય તેના કદથી ન કરવું જોઈએ." – આ ઉક્તિમાંથી કયો સંદેશ મળે?
    A. મોટા જ મોટાં કામ કરે
    B. નાનું મહત્ત્વહીન હોય
    C. દરેક કોઈ સદ્‌ગુણ ધરાવે છે.
    D. એકલા ચાલો

2. સિંહની સ્થિતિ આપણને શું શીખવે છે?
    A. મોટી શક્તિઓ પણ મુશ્કેલીમાં પડે
    B. રાજાઓ બધું જાણે છે
    C. મોટાં પ્રાણીઓ હંમેશાં સુરક્ષિત હોય
    D. ધીરજ વિના જીવી શકાતું નથી

3. ઉંદરના દાંતથી શું થયું?
    A. જાળ તૂટી ગઈ
    B. ખુરશી તૂટી ગઈ
    C. પાંજરૂ તૂટી ગયું
    D. ઝાડ નીચે પડ્યું

4. વાર્તામાં ઉંદર કઈ રીતનું વર્તન કરે છે?
    A. સહાયક
    B. ગુસ્સાથી ભરેલું
    C. અહંકારભર્યું
    D. હોશિયારી

5. આ ફકરાનો સાર શું છે?
    A. મદદ કરતી વ્યક્તિએ ગર્વ કરવો જોઈએ
    B. નાની મદદ પણ મોટું પરિણામ લાવી શકે
    C. જંગલમાં રહેવું મુશ્કેલ છે
    D. સિંહને શિકાર કરતાં આવડતું નથી

**પ્રશ્ન 4. (1) વાર્તા વાંચો અને જવાબ આપો.** **(5 ગુણ)**

બે મિત્રો વનમાર્ગે સફર કરતા હતા. ત્યાં જ એક ભયાનક રીંછ આવી ગયું. એક મિત્રે તરત ઝાડ પર ચડી જઈને પોતાનો બચાવ કર્યો, જ્યારે બીજાએ કંઈ વિચાર્યું નહીં અને જમીન પર પડી ગયો. તેણે શ્વાસ રોકી દીધો અને મરેલો હોય તેમ પડી રહ્યો. રીંછ આવીને તેને સૂંઘીને જોઈને ચાલ્યું ગયું. પછી પેલો મિત્ર ઝાડ પરથી ઉતર્યો અને પુછ્યું, "રીંછે તને શું કહ્યું?" બીજા મિત્રે કહ્યું, "આવા મિત્ર પર વિશ્વાસ ન કર, જે તારા મુશ્કેલ સમયમાં તને એકલો છોડી દે." આ પ્રસંગ પરથી જાણવા મળે છે કે સાચો મિત્ર એ છે જે દુઃખમાં પણ સાથ ન છોડે. મિત્રતાની સાચી ચકાસણી મુશ્કેલ સમયમાં થાય છે. વાર્તામાં જોયું કે એક મિત્ર પોતાની સુરક્ષા માટે તરત ઝાડ પર ચડી ગયો અને બીજા મિત્ર માટે કંઈ ન કર્યું. આવા સંજોગોમાં બીજા મિત્રે પોતાની બુદ્ધિ અને ધૈર્યથી પોતાનું રક્ષણ કર્યું.

પ્રશ્નો :

1. આ કથા આપણને શું શીખવે છે?
   - A. બધા જ આપણા સાચા મિત્રો છે .
   - B. બધા જ આપણા ખોટા મિત્રો છે.
   - C. અનુભવથી જ સાચા મિત્રની પરખ થાય છે.
   - D. સાચો મિત્ર મુશ્કેલીમાં સાથ આપતો નથી.
2. બીજો મિત્ર કેમ ઝાડ પર નહીં ચડ્યો હોય?
   - A. તેને મરવાનું નાટક કરવું હતું.
   - B. તેને ઝાડ પર ચડતાં નહીં આવડતું હોય.
   - C. તેને ઝાડ પર ચડવું નહીં ગમતું હોય.
   - D. રીંછનો હુમલો અચાનક થયો
3. જો બીજા મિત્રએ શ્વાસ રોક્યો ન હોત તો શું થાત?
   - A. તે રીંછનો ભોગ બની જાત.
   - B. તે રીંછનો મિત્ર બની જાત.
   - C. તે ઝાડ પર ચડી શક્યો હોત.
   - D. તે રીંછને સૂંઘી શક્યો હોત.

4. રીંછને કેવી ગેરસમજ થઈ ?

   A. આ માણસ સારો નથી.

   B. આ માણસ લાગતો નથી

   C. આ માણસ જીવતો લાગે છે.

   D. આ માણસ મરી ગયો છે.

5. મુશ્કેલીના સમયમાં શું કરવું જોઈએ?


   A. તરત જ નિર્ણય લઈ લેવો જોઈએ.

   B. ધીરજપૂર્વક અને બુદ્ધિથી  નિર્ણય લેવો જોઈએ.

   C. કોઈની મદદ ન લેવી જોઈએ.

   D. બળપૂર્વક મુશ્કેલીને પહોંચી વળવું જોઈએ.

પ્રશ્ન 5. નીચે આપેલ આલેખના આધારે પ્રશ્નોના જવાબ લખો. (પ્રશ્ન દીઠ 1 ગુણ)




1. ચાર્ટ મુજબ, સૌથી વધુ ઉત્પાદન ધરાવતા ગામ અને સૌથી ઓછા ઉત્પાદન ધરાવતા ગામ વચ્ચે કેટલો તફાવત છે?
   - A. ૧૦૦૦ ક્વિન્ટલ
   - B. ૧૧૦૦ ક્વિન્ટલ
   - C. ૮૦૦ ક્વિન્ટલ
   - D. ૯૦૦ ક્વિન્ટલ
2. કયાં બે ગામોમાં કપાસનું ઉત્પાદન બરાબર એકસરખું થયું છે?
   - A. ચાણસ્મા અને ધરમોડા
   - B. ગોપાલગઢ અને કુબા
   - C. હરિપુર અને વારેડા
   - D. રામપુર અને શાંતિપુર
3. જો સરકાર એવાં ગામોને ઇનામ આપવા માંગતી હોય જેનું ઉત્પાદન ૧૦૦૦ ક્વિન્ટલથી વધુ હોય, તો આ તાલુકાનાં કેટલાં ગામોને ઈનામ મળશે?
   - A. ૨ ગામો
   - B. ૪ ગામો
   - C. ૫ ગામો
   - D. 3 ગામો
4. ગોખરવામાં ઉત્પાદન ઓછું થવાનું તાર્કિક કારણ શું હોઈ શકે?

A. ગોખરવાના લોકો કપાસનું વાવેતર કરતા નથી.

B. ત્યાં સિંચાઈની સુવિધા ઓછી અથવા જમીન ઓછી ફળદ્રુપ હોઈ શકે

C. ત્યાંના લોકો વધુ ભણેલા છે

D. ત્યાંના ખેડૂતો આળસુ હશે

5. જો શાંતિપુર અને કુબાનું ઉત્પાદન ભેગું કરવામાં આવે, તો તે કયા એક ગામના ઉત્પાદનથી વધી જશે?

A. માત્ર ગોખરવા

B. ધરમોડા

C. કોઈ પણ ગામથી વધશે નહીં

D. ચિઠોડા

6. આ ચાર્ટ પરથી કયો નિષ્કર્ષ કાઢી શકાય?

A. આ તાલુકાનાં બધાં ગામોમાં ખેતી સરખી થાય છે

B. કપાસ એ આ તાલુકાનો એકમાત્ર પાક છે

C. તાલુકાનાં જુદાં જુદાં ગામોમાં ઉત્પાદનમાં ઘણી અસમાનતા છે

D. બધાં જ ગામોમાં ૧૦૦૦ ક્વિન્ટલથી વધુ ઉત્પાદન થાય છે

7. જો આવતા વર્ષે રામપુર પોતાનું ઉત્પાદન બમણું (Double) કરે, તો તે કયા ગામને પાછળ છોડી દેશે?

A. ચિઠોડા

B. એક પણ નહીં

C. ચાણસ્મા

D. માત્ર ગોખરવા

**પ્રશ્ન 6. નીચે આપેલ પોસ્ટરના આધારે પ્રશ્નોના જવાબ લખો. (પ્રશ્ન દીઠ 1 ગુણ)**




1. પોસ્ટરના મધ્ય ભાગમાં પૃથ્વીની આસપાસ અનેક હાથ દર્શાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય શો હોઈ શકે?

(A. પૃથ્વી ખૂબ નાની છે તે દર્શાવવા.

(B. પૃથ્વીના રક્ષણ માટે સામૂહિક જવાબદારી અને એકતા દર્શાવવા.

(C. બાળકોને રમત રમતાં બતાવવા.

(D. પૃથ્વી ગતિ કરી રહી છે તે સમજાવવા.

2. "જરૂર ન હોય ત્યારે વીજળી બંધ કરો" - આ વિધાન દ્વારા ભવિષ્ય કેવી રીતે સુરક્ષિત થાય છે?

(A. વીજળીનું બિલ ઓછું આવશે એટલે.

(B. ઉર્જાના સ્રોતોની બચત થશે અને પર્યાવરણનું પ્રદૂષણ ઘટશે.

(C. અંધારામાં રહેવાની આદત પડશે.

(D. નવા પંખા ખરીદવા નહીં પડે.

3. પોસ્ટરમાં 'સોલર પેનલ' વાળું ઘર શું સૂચવે છે?

(A. 'થી સોલર પેનલ' ઘરની છત મજબૂત બને છે.

(B. કુદરતી ઊર્જાના સ્રોતોનો ઉપયોગ કરવો જોઈએ.

(C. ઉનાળામાં ગરમી ઓછી લાગે તે માટે.

(D. વીજળીના વાયરની જરૂર નથી.

4. 'પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો કરો' એ સંદેશ સાથે કચરાપેટીનું ચિત્ર શા માટે આપવામાં આવ્યું છે?

(A. પ્લાસ્ટિકને જમીનમાં દાટી દેવા માટે.

(B. પ્લાસ્ટિકનો કચરો યોગ્ય વ્યવસ્થાપન અને રિસાઈકલ કરવા માટે.

(C. કચરાપેટી સુંદર દેખાય તે માટે.

(D. પ્લાસ્ટિક સૌથી ગંદો કચરો છે તે સાબિત કરવા.

5. જો કોઈ વ્યક્તિ એક વૃક્ષ કાપે છે અને સામે બે નવાં વૃક્ષ વાવે છે, તો પોસ્ટરના કયા સૂત્રનું પાલન થાય છે?

(A. એક સામે બે વૃક્ષ.

(B. એક વૃક્ષ વાવો, હજાર શ્વાસ બચાવો.

(C. બે વાવો એક કાપો.

(D. કચરાને કહો બાઇ-બાઇ.

6. પોસ્ટરમાં પાણીના નળ નીચે છોડ બતાવવાનો તાર્કિક અર્થ શો હોઈ શકે?

(A. નળ હંમેશાં ટપકતો રાખવો જોઈએ જેથી છોડને પાણી આપી શકાય

(B. પાણીનો ઉપયોગ વનસ્પતિના ઉછેર માટે કરવો જોઈએ.

(C. છોડને નળ પાસે જ ઉગાડવા જોઈએ.

(D. પાણી વગર છોડ જીવી શકે છે.

7. "સ્વચ્છતા ત્યાં પ્રભુતા" સંદેશને અમલમાં મૂકવાથી પર્યાવરણને શો ફાયદો થાય?

(A. રોગચાળો ઘટશે અને નિવસનતંત્ર તંદુરસ્ત રહેશે.

(B. દેખાવ સુંદર લાગશે.

(C. લોકો ફરવા આવશે.

(D. કચરાપેટીઓ વેચાશે.

8. આ આખું પોસ્ટર કયા વૈશ્વિક વિચારને સમર્થન આપે છે?

(A. માત્ર મનોરંજન અને ચિત્રકલા.

(B. ઔદ્યોગિક વિકાસ અને શહેરીકરણ.

(C. ટકાઉ વિકાસ અને પર્યાવરણ જાળવણી.

(D. વધુ પડતો વીજળીવપરાશ.

## કાવ્યને આધારે પ્રશ્નો

**C-3.2 સમુચિત શૈલી અને ભાષાનો ઉપયોગ કરીને ગદ્ય, પદ્ય અને નાટક લખે છે.**

**G7321 શબ્દપસંદગી, વાક્ય રચનાનું વૈવિધ્ય, વાક્યમાં શબ્દોની ગોઠવણીના આધારે ગદ્ય, પદ્ય અને નાટ્ય સામગ્રીની સરખામણી કરે છે.**

**પ્રશ્ન 1. નીચે આપેલ પદ્યના આધારે પ્રશ્નોના જવાબ લખો. (પ્રશ્ન દીઠ 1 ગુણ)**

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના, ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતનાં
મલયાનિલોની પીંછી ને રંગો ફૂલોના લૈ, દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના
આ એક તારણ અંગે અને બીજો ચમન મહીં, જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના

**પ્રશ્નો :**

1. કવિએ ફૂલોને શાની સાથે સરખાવ્યાં છે ?
   A. વસંતના નકશા સાથે
   B. વસંતનાં પગલાં સાથે
   C. મલય પર્વત સાથે
   D. બગીચા સાથે
2. વસંતના કયા બે ફાંટાની વાત કવિ કરે છે ?
   A. તારા અંગે અને બીજો બગીચામાં
   B. કવિના અંગે અને બીજા ફૂલોમાં
   C. ડાળ અને વસંત
   D. પગલાં અને વસંત

**પ્રશ્ન 2. નીચે આપેલ પદ્યના આધારે પ્રશ્નોના જવાબ લખો.**

પુષ્પ તણી પાંદડીએ બેસી હસતું કોણ ચિરંતન હાસ ?
પૃથ્વી ઉરથી ઊઠે કોનો સુરભિત પુલકિત મુખરિત શ્વાસ ?
કોણ બદલતું સન્ધ્યાકાશે પલ પલ નવલાં પ્રેમળ ચીર ?
કોણ ઊછળતી મોકલતું નિજ કુમળી ઊર્મિ સરવરતીર ?
અહો, ગુંથતું કોણ પૃથ્વીને સેંથે ઝાકળમોતીમાળ ?
તરુએ તરુએ ફળતી કોની આશા કેરી શાખ રસાળ ?

**પ્રશ્નો :**

1. આ પંક્તિઓની વિશેષતા કઈ છે ?

   A. બધી પંક્તિઓમાં એક સવાલ કરવામાં આવે છે.

   B. બધી પંક્તિઓમાં હસવાની વાત છે.

   C. બધી પંક્તિઓમાં એક જવાબ છે.

   D. બધી પંક્તિઓમાં શ્વાસની વાત છે.

2. સંધ્યા સમયના આકાશમાં શું થાય છે ?

   A. કોઈક ક્ષણે-ક્ષણે ગીત ગાય છે.

   B. કોઈ દરેક ક્ષણે નવાં વસ્રો બદલે છે.

**પ્રશ્ન 3. નીચે આપેલ પદ્યના આધારે પ્રશ્નોના જવાબ લખો.**

ગમતું મળે તો અલ્યા, ગૂંજે ન ભરીએ ને

ગમતાંનો કરીએ ગુલાલ

આડા દે આંક એ તો ઓશિયાળી આંગળી

પંડમાં સમાય એવી પ્રીતિ તો પાંગળી

સમદરની લ્હેર લાખ સૂણી ક્યાંય સાંકળી

ખાડા ખાબોચિયાને બાંધી બેસાય

આ તો વરસે ગગનભરી વ્હાલ

ગમતાંનો કરીએ ગુલાલ

**પ્રશ્નો :**

1. ગમતાંનો ગુલાલ કરવો એટલે ?

   A. ગૂંજામાં ભરી લેવી.

   B. ગમતી વસ્તુ બીજાઓને આપવી જોઈએ.

   C. ગમતી વસ્તુ કોઈને આપવી નહીં.

   D. ગમતી વસ્તુને ગુલાલવાળી કરીને વહેંચવી જોઈએ .

2. પોતાના પૂરતો જ પ્રેમ કેવો પ્રેમ છે ?

   A. શ્રેષ્ઠ પ્રેમ છે.

   B. દુર્લભ પ્રેમ છે.

   C. ઈર્ષ્યા છે.

   D. નિરર્થક છે.

**પ્રશ્ન 4. નીચે આપેલ પદ્યના આધારે પ્રશ્નોના જવાબ લખો.**

એ જ તારામાં હશે, તું સાદ કર
ખીણ તેથી શું? શિખરને સાદ કર!
જિંદગી ખારા જલે ખોવાય ના
ક્યાંક તારો મેહુલો, તું સાદ કર
અંધારમાંયે એ આટલા જડે
એક દીવા જેમ તુંયે સાદ કર

**પ્રશ્નો :**

1. કવિ બીજી પંક્તિમાં કોને સાદ કરવાનું કહે છે ?
   - A. ખીણને
   - B. ઈશ્વરને
   - C. શિખરને
   - D. ભક્તને
2. મેહુલાને સાદ કરવાનું કેમ કહ્યું છે ?
   - A. કારણ કે વરસાદ પડતો નથી.
   - B. મેહુલો આવવાનો નથી.
   - C. કારણ કે જિંદગી ખારા પાણીમાં ન ખોવાય.
   - D. મેહુલો કવિનો મિત્ર છે.

**પ્રશ્ન 5. નીચે આપેલ પદ્યના આધારે પ્રશ્નોના જવાબ લખો.**

વડલો કહે મારી વનરાયું સળગી ને,
મેલી દિયો ને જૂના માળા,
ઊડી જાઓ પંખી પાંખ્યુંવાળાં હોજી..
આભે અડિયાં સેન અગનનાં, ધખિયાં આ દશ ઢાળાજી;
આ ઘડીએ ચડી ચોટ અમોને, ઝડપી લેશે જ્વાળા,
ઊડી જાઓ પંખી પાંખ્યુંવાળાં હોજી..
બોલ તમારાં હૈયે બેઠાં, રૂડાં ને રસવાળાંજી,
કો'ક દી આવીને ટહુકી જાજો, મારી રાખ ઉપર રૂપાળાં,

ઊડી જાઓ પંખી પાખ્યું વાળા હો જી..

પ્રેમી પંખીડા પાછાં નહીં મળીએ, આ વન મારે વિગ્તાળાજી,

પડદા આડા મોતના પડિયા, તે પર જડીયાં તાળા,

**પ્રશ્નો :**

1. વડલો પંખીઓને શું કહે છે ?
   - A. પંખીઓ ! આ દાવાનળ મેં જ સળગાવ્યો છે.
   - B. પંખીઓ ! વનરાજી સળગી છે, આપણે સાથે જ બળીશું.
   - C. પંખીઓ ! ચાલો ગીત ગાઓ અને ઊડી જાઓ !
   - D. વનરાજી સળગી છે, હું સળગી જઈશ, તમે જતાં રહો !
2. અગ્નિની સેના ક્યા પહોંચી છે ?
   - A. ચંદ્રને અડી છે.
   - B. પાતાળે પહોંચી છે.
   - C. સૂર્યને અડી છે.
   - D. આકાશને અડી છે.

## જોડકાંને આધારે પ્રશ્નો

**C-3.1 વિવિધ સાહિત્યસ્વરૂપોના વાચન દરમિયાન ભાષાકીય બંધારણીય ઘટકો (વાક્યરચના, વિરામચિહ્નો, કાળ, લિંગ) અને ભાષારચનાના ઘટકો - parts of speech (નામ, સર્વનામ, ક્રિયાપદ, વિશેષણ, ક્રિયાવિશેષણ, વિસ્મયબોધક, નામયોગી અવ્યય, સંયોજકો)ના અર્થની સમજ કેળવે છે અને તેનો લખવામાં ઉપયોગ કરે છે.**

G7317 ભાષાસજ્જતાના ઘટકોનો ઉપયોગ કરે છે.

**પ્રશ્ન 1. યોગ્ય વિરામચિહ્નો મૂકો અને જોડકાં જોડો.** (5 ગુણ)

| અ | બ | ક |
|---|---|---|
| 1. વરસાદ પડે છે | શું તમે સમયસર આવ્યા છો | શાબાશ તું પાસ થઈ ગયો |
| 2. પક્ષીઓ ગાઈ રહ્યાં છે | શું વરસાદ પડે છે | ઓહો આજે રજા છે |
| 3. તમે સમયસર આવ્યા છો | શું તુ પાસ થઈ ગયો | અદ્ભુત પક્ષીઓ ગાઈ રહ્યાં છે |
| 4. આજે રજા છે | શું પક્ષીઓ ગાઈ રહ્યાં છે | સરસ તમે સમયસર આવ્યા છો |
| 5. તું પાસ થઈ ગયો | શું આજે રજા છે | વાહ વરસાદ પડે છે |

**C-3.2 સમુચિત શૈલી અને ભાષાનો ઉપયોગ કરીને ગદ્ય, પદ્ય અને નાટક લખે છે.**

**G7323** વાક્યરચનાને સમૃદ્ધ બનાવવા માટે શીખી ગયેલા ભાષારચના અને ભાષા સજ્જતાના ઘટકોનો ઉપયોગ કરે છે,

**પ્રશ્ન 2. જરૂર જણાય ત્યાં યોગ્ય પ્રત્યય મૂકી જોડકાં જોડો.** (5 ગુણ)

| અ | બ | ક |
|---|---|---|
| 1. ખરાબ અક્ષરો | સેવાચાકરી | શોભે છે. |
| 2. દિનદુખિયાં...... | સફળતા | નિશાની છે. |
| 3. વિદ્યા | સજ્જન..... | કરવી જોઈએ. |
| 4. નિષ્ફળતા એ જ | અધૂરી કેળવણી...... | ચાવી ગણાય છે. |
| 5. સારો સ્વભાવ | વિનય...... | ઓળખ છે. |

**C-3.2 સમુચિત શૈલી અને ભાષાનો ઉપયોગ કરીને ગદ્ય, પદ્ય અને નાટક લખે છે.**

**G7321** શબ્દપસંદગી, વાક્યરચનાનું વૈવિધ્ય, વાક્યમાં શબ્દોની ગોઠવણીના આધારે ગદ્ય, પદ્ય સામગ્રીની સરખામણી કરે છે.

**પ્રશ્ન 3. 'અ', 'બ' અને 'ક' વિભાગને યોગ્ય રીતે જોડો.** (5 ગુણ)

| અ | બ | ક |
|---|---|---|
| 1. મોઢે તાળું મારવું | અપમાન થવું | વેપારીએ નકલી માલ પધરાવી ઠગાઈ કરી. |
| 2. નાક કપાવું | ઉશ્કેરણી કરવી | એક નાની વાતમાં તેને અસંતોષ થયો. |
| 3. આંખમાં ધૂળ નાખવી | નારાજ થવું | ખોટી વાતની જાણ થવા છતાં તે ખામોશ રહ્યો. |
| 4. કાન ભરવા | છેતરવું | એમની હરકતોથી આખા પરિવારની પ્રતિષ્ઠા ખરડાઈ. |
| 5. મોઢું ફુલાવવું | ચૂપ રહેવું | કોઈએ તેની ભંભેરણી કરી એટલે ગુસ્સે થયો. |

**પ્રશ્ન 4. 'અ', 'બ' અને 'ક' વિભાગને યોગ્ય રીતે જોડો.** (5 ગુણ)

| અ | બ | ક |
|---|---|---|
| 1. હું તો શાંત હતો. | તેથી | ટિફિન ખાલી થઈ ગયું. |
| 2. લાઇટ બંધ થઈ ગઈ. | પણ | અહીં રોકાઈ જઈએ. |
| 3. આપણે આગળ વધીએ. | અને | પેટમાં ગડબડાટ ચાલતો હતો. |
| 4. કૂતરો આવ્યો. | કારણકે | બધા જાગી ગયા. |
| 5. મોટો ધડાકો થયો | અથવા | વીજળીનો તાર તૂટ્યો હતો. |

**પ્રશ્ન 5. 'અ', 'બ' અને 'ક' વિભાગને યોગ્ય રીતે જોડો.** (5 ગુણ)

| અ | બ | ક |
|---|---|---|
| 1. પંખીપ્રેમ | સરહદની સફરે | લેખનની રસાળ શૈલી |
| 2. તવાંગ યાત્રા | દાદાજીનો પત્ર | મોરલીનો નાદ |
| 3. કૃષ્ણભક્તિ | વાગે છે રે વાગે છે. | શાકભાજીની હાસ્યકથા |
| 4. સન્માન સમારંભ | રે 'પંખીડા' સુખેથી ચણજો. | ભારત સાથે જોડાણ |
| 5. પત્રલેખન | સમરથલાલ સૂરણવાળા | પ્રાકૃતિક અસમાનતા |

## એક વાક્યમાં જવાબ

| | |
|---|---|
| **C-3.2** | **સમુચિત શૈલી અને ભાષાનો ઉપયોગ કરીને ગદ્ય, પદ્ય અને નાટક લખે છે.** |
| **G7322** | સામગ્રીમાં રહેલાં વાક્યોની બોધાત્મક, ભાવાત્મક અસર તપાસે છે. |
| **G7324** | **શીખેલા ભાષારચના અને ભાષા સજ્જતાના ઘટકોનો પોતાના લેખનમાં ઉપયોગ કરે છે.** |

**પ્રશ્ન 1. વાંચનારને હસવું આવે એ રીતે આ વાક્યો પૂર્ણ કરો. (પ્રત્યેકનો 1 ગુણ)**

1. હું ઘરની બહાર નીકળીને છેક બીજા ફળિયામાં પહોંચ્યો ત્યારે મને ખબર પડી કે...
2. જો પક્ષીઓની ભાષા આપણને સમજાતી હોત તો આપણને ખબર પડત કે...
3. મેં જ્યારે સ્ટેજ પર જઈને જેવું માઇક હાથમાં લીધું ત્યારે જ મને ખબર પડી કે મેં...
4. મને સુપર પાવર જોઈતો હોય તો હું એવો પાવર માગું કે...
5. ખેતરમાં જઈને હું એવું તરબૂચ ઉગાડીશ કે...
6. અજાણ્યા ગામમાં પહોંચીને મેં જોયું ત્યાંનાં ઘરો...
7. મને મારા પપ્પાએ એવી જગ્યાએ લઈ જવાનું કહ્યું કે, જ્યાં...
8. એક દિવસ મરચું અને ટમેટું વાત કરતાં હતાં કે...
9. અચાનક મને ખબર પડી કે મારા પડોશી એક એલિયન છે અને...
10. તમારા ઘરની ગરોળી અચાનક બોલવા લાગે તો એ કહેશે કે...
11. શાકભાજીઓની લડાઈમાં બટાકાએ રીંગણને કહ્યું કે...
12. એક મોબાઇલ તો માણસને કાલાવાલા કરતો હતો કે...

C. G.-2.3 સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણનાં વિવિધ પાસાંઓ વિશે પોતાનાં વિચારો અને વિવેચના મૌખિક અને લેખિત સ્વરૂપે અભિવ્યક્ત કરે છે.

LO: G7231 સામાજિક અને સાંસ્કૃતિક પ્રસંગો વિશે આપેલ પાઠ્યસામગ્રીમાંથી પોતાના મૌલિક વિચારો મૌખિક અને લેખિત સ્વરૂપે રજૂ કરે છે.

LO: G7232 આપેલ પાઠ્યસામગ્રીમાંથી સામાજિક તથા સાંસ્કૃતિક પ્રસંગો વિશે વાંચીને તથા સાંભળીને પોતાની કક્ષા મુજબ વિવેચનાત્મક અભિવ્યક્તિ લેખિત તથા મૌખિક સ્વરૂપે રજૂ કરે છે.

**પ્રશ્ન 2. નીચે આપેલા પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો. (પ્રત્યેકનો 1 ગુણ)**

1. કવિએ મોરલીના નાદને “ગગનમાં ગાજે છે” એવું કેમ કહ્યું હશે?
2. વૃંદાવન અને મોરલી વચ્ચેનો સંબંધ કવિ કેવી રીતે દર્શાવે છે?
3. વા’લો દાણ અને દહીં માગે છે — તેમાંથી કૃષ્ણના કયા સ્વભાવની ઝાંખી મળે છે?
4. વૃંદાવનમાં રાસ રચવાનો ભાવ શું સૂચવે છે?
5. “રાસમંડળમાં બિરાજે છે” — આ પંક્તિ કૃષ્ણના કયા સ્વરૂપને દર્શાવે છે?
6. પીળાં પીતાંબર અને પીળો પટકો કૃષ્ણના વ્યક્તિત્વમાં કઈ વિશેષતા ઉમેરે છે?
7. કુંડળ, મુગટ અને મોરલી — આ શણગાર કૃષ્ણના સૌંદર્યને કેવી રીતે ઉભારે છે?
8. કુંજગલીઓમાં થનક થનક નૃત્ય કરવાનું વર્ણન કયો ભાવ પ્રગટ કરે છે?
9. મીરાં કૃષ્ણના ગુણ ગાય છે — તેમાંથી તેમની ભક્તિ કઈ રીતે વ્યક્ત થાય છે?
10. “દર્શન થકી દુઃખ ભાગે છે” — આ પંક્તિ ભક્તિનું કયું તત્ત્વ સમજાવે છે?

પ્રશ્નો :

1. તવાંગયાત્રામાં સરવણજીને ભાષાની અગવડ કેમ અનુભવાય છે?
2. માઇક પરથી થતી જાહેરાત સરવણજી માટે ગૂંચવણભરી કેમ બની?
3. “પંજીકરણ” શબ્દ સરવણજી સમજી ન શક્યા તેનું મુખ્ય કારણ શું હતું?
4. ચંદ્રિકાબેન મળતાં સરવણજીને રાહત કેમ અનુભવાઈ?
5. “જ્યાં ને જ્યારે મળે ગુજરાતી, ત્યાં સદાકાળ ગુજરાત” પંક્તિનો ભાવ પાઠમાં કેવી રીતે પ્રગટ થાય છે?
6. જુદા જુદા પ્રદેશના ગુજરાતીઓ ભેગા થતાં કયાં સાંસ્કૃતિક તત્ત્વો બહાર આવે છે?
7. ગુજરાતીઓ સાથે નાસ્તા-ભોજનની ચર્ચા પાઠમાં શા માટે મહત્ત્વપૂર્ણ બની છે?

8. સરવણજી દ્વારા વર્ણવાયેલ "મેરાયો નૃત્ય" શું સૂચવે છે?
9. તવાંગયાત્રાને "રાષ્ટ્રીય યાત્રા" કેમ કહેવામાં આવી છે?
10. તવાંગયાત્રાનો મુખ્ય હેતુ લેખક મુજબ શો છે?
11. 1962ના યુદ્ધનો ઉલ્લેખ પાઠમાં શા માટે કરવામાં આવ્યો છે?
12. જશવંતગઢનું મહત્ત્વ પાઠમાં કેવી રીતે રજૂ થયું છે?
13. તવાંગયાત્રામાં ધાર્મિક સ્થળોની યાત્રા કયા સમાનભાવને દર્શાવે છે?
14. વિવિધ ભાષા, વેશભૂષા અને પરંપરાઓ હોવા છતાં યાત્રાળુઓને કયું તત્ત્વ એકસૂત્રે બાંધે છે?
15. પાઠના અંતે ભવ્યા દ્વારા કરાયેલી સૂચના વાર્તાને કયો વાસ્તવિક વળાંક આપે છે?

પ્રશ્નો :

1. સમરથલાલ સૂરણવાળાને સરકારી ઇનામ કેમ મળ્યું હતું?
2. શાકમાર્કેટના વેપારીઓએ સમરથલાલ સૂરણવાળાનું ભવ્ય સન્માન કેમ કરવાનું નક્કી કર્યું?
3. ફૂલાભાઈ ફણસીવાળાએ પરિચય આપતાં સમરથલાલ વિશે કઈ રીતે પ્રશંસા કરી છે?
4. લસણવાળા લલ્લુભાઈએ સમરથલાલ સૂરણવાળાની સરખામણી લસણ સાથે કેમ કરી?
5. બકુલાલે સમરથલાલને બટાકા જેવો કહેતાં કયા ગુણો પર ભાર મૂક્યો છે?
6. બટાકાની ઉપમા દ્વારા સમરથલાલના સ્વભાવનું કયું પાસું સ્પષ્ટ થાય છે?
7. ડુંગળીવાળા ડાહ્યાભાઈએ સમરથલાલને ડુંગળી સાથે સરખાવવાનો અર્થ શો સમજાવ્યો છે?
8. ડુંગળીની ઉપમા સમરથલાલના કયા સામાજિક ગુણો દર્શાવે છે?
9. કોથમીરવાળા કળશીભાઈએ સમરથલાલને કોથમીર જેવો કેમ ગણાવ્યો છે?
10. કોથમીરની ઉપમા દ્વારા સમરથલાલની હાજરીનું મહત્ત્વ કેવી રીતે સમજાવવામાં આવ્યું છે?
11. વિવિધ શાકભાજીની ઉપમાઓ પાઠમાં કયો વ્યંગ્યભાવ ઊભો કરે છે?
12. સમરથલાલના ભાષણમાંથી તેમનો સ્વભાવ અને જીવનદૃષ્ટિ કેવી રીતે પ્રગટ થાય છે?
13. "પંચફૂટિયા શાક"નું રૂપક સમરથલાલે કયા સંદર્ભમાં વાપર્યું છે?

14. સમરથલાલ પોતાને અલગ શાક સાથે સરખાવવાનું કેમ ટાળે છે?
15. પાઠનો મુખ્ય સંદેશ શાકમાર્કેટની એકતાના રૂપમાં કેવી રીતે વ્યક્ત થાય છે?

પ્રશ્નો :

1. કવિ પંખીડાંને "સુખથી ચણજો" કહેતાં કયો ભાવ વ્યક્ત કરે છે?
2. પંખીડાં કવિથી ડરીને ઊડી જાય છે એ પાછળ કવિ કયો પ્રશ્ન ઊભો કરે છે?
3. કવિ પોતાને ચરતી ગાય સાથે સરખાવીને શું સમજાવવા માંગે છે?
4. "ના-ના કો' દી તમ શરીરને કાંઈ હાનિ કરું હું" પંક્તિમાં કવિની કઈ ભાવના દેખાય છે?
5. ઉપવન સૌ પંખીડાં માટે ખુલ્લું છે એવું કહેવાનો આશય શો છે?
6. પંખીડાં માનવીથી ડરે છે એ માટે કવિ કુદરતી ટેવને કેમ જવાબદાર ગણે છે?
7. કવિ મુજબ પંખીડાંને ખરેખર કયા પ્રકારનો ડર હોઈ શકે છે?
8. "પા'ણો ફેંકે તમ તરફ" દ્વારા માનવીના કયા સ્વભાવ પર કવિ પ્રહાર કરે છે?
9. માનવીના "ખેલ" તરીકે પંખીડાંને ડરાવવાનું કવિ કેમ નિંદનીય માને છે?
10. કુદરતના સામ્ય અને ઐક્યનો ત્યાગ માનવી કેવી રીતે કરે છે તે કવિ શું કહે છે?
11. પંખીડાં પર માનવી સત્તા ભોગવે છે એથી કવિને દુઃખ કેમ થાય છે?
12. આ કાવ્યમાં કવિ માનવી અને કુદરત વચ્ચેના સંબંધને કેવી રીતે રજૂ કરે છે?
13. કવિના પ્રશ્નોમાંથી માનવજાત પ્રત્યે કયો આક્ષેપ પ્રગટ થાય છે?
14. કાવ્યનો મુખ્ય વિચાર પંખીડાંના સંદર્ભમાં કયો નૈતિક સંદેશ આપે છે?
15. કાવ્યમાં કરેલા ઉદ્ગારો ("રે! રે!") કવિની કઈ આંતરિક વ્યથા વ્યક્ત કરે છે?
15. "રે! રે!" જેવા ઉદ્ગારો કવિની આંતરિક વ્યથા, દુઃખ અને વેદનાને વ્યક્ત કરે છે.

પ્રશ્નો :

1. દાદાજી વિવેકને પત્ર લખીને શરૂઆતમાં કયો ભાવ વ્યક્ત કરે છે?
2. મોબાઇલ હોવા છતાં પત્ર લખવાનું દાદાજી કેમ મહત્ત્વનું માને છે?
3. દાદાજી અનુસાર ફોન પર વાત કરવી અને પત્ર લખવામાં શો મૂળભૂત ફરક છે?
4. વિવેકના પ્રવાસ વિશે દાદાજીનો અભિગમ શું દર્શાવે છે?

5. દાદાજી પ્રવાસ અને પર્યટનને જીવનઘડતરમાં મહત્ત્વનું કેમ માને છે?
6. પ્રવાસ દ્વારા માણસને કયા પ્રકારના અનુભવો પ્રાપ્ત થાય છે એમ દાદાજી કહે છે?
7. દાદાજી ભારતીય પરંપરામાં પ્રવાસનું મહત્ત્વ કેવી રીતે સમજાવે છે?
8. "હિમાલયનો પ્રવાસ" અને "દક્ષિણાયન" પુસ્તકોનો ઉલ્લેખ કરવાનો આશય શો છે?
9. ફિલ્મો વિશે દાદાજીના વિચારમાં કયું પરિવર્તન આવ્યું છે?
10. દાદાજી સારી ફિલ્મોને લોકમાનસ પર અસરકારક કેમ ગણે છે?
11. વિવેકના ગણિતના પરિણામ અંગે દાદાજી તેને શા માટે નિરાશ ન થવા કહે છે?
12. ગણિત વિષયમાં સુધારાના ઉપાય તરીકે દાદાજી કઈ સલાહ આપે છે?
13. આલ્બર્ટ આઈન્સ્ટાઇનનું ઉદાહરણ આપવાનો મુખ્ય હેતુ શો છે?
14. દાદાજી વિવેકને વ્યાયામ કરવાની સલાહ કેમ આપે છે?
15. પત્રના અંતે દાદાજી કઈ જીવનમૂલ્યસભર શીખ આપે છે?

## ત્રણ થી ચાર વાક્યોમાં જવાબ

| | |
|---|---|
| **C-1.2** | **વિવિધ પ્રકારના (ઔપચારિક અને અનૌપચારિક) ઇન્ટરવ્યૂનું શ્રવણ કરે, આયોજન કરે અને સંચાલન કરે છે.** |
| G7123 | અસરકારક ઇન્ટરવ્યૂ કરવા માટે જરૂરી પ્રશ્નો (શું. કોણ, ક્યારે, કેવી રીતે) તૈયાર કરે છે. |
| **C-2.3** | **સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણનાં વિવિધ પાસાંઓ વિશે પોતાનાં વિચારો અને વિવેચના મૌખિક અને લેખિત સ્વરૂપે અભિવ્યક્ત કરે છે.** |
| G7231 | સામાજિક અને સાંસ્કૃતિક પ્રસંગો વિશે પોતાના ગમા અને અણગમા અને તેના વિશેનાં કારણો રજૂ કરે છે. |
| G7232 | સામાજિક અને સાંસ્કૃતિક પ્રસંગોની તરફેણ અને વિરુદ્ધમાં પોતાના વિચારો રજૂ કરે છે. |
| **C-3.2** | **સમુચિત શૈલી અને ભાષાનો ઉપયોગ કરીને ગદ્ય, પદ્ય અને નાટક લખે છે.** |
| G7323 | વાક્યરચનાને સમૃદ્ધ બનાવવા માટે શીખી ગયેલા ભાષારચના અને ભાષા સજ્જતાના ઘટકોનો ઉપયોગ કરે છે, |
| G7324 | શીખેલા ભાષારચના અને ભાષાસજ્જતાના ઘટકોનો પોતાના લેખનમાં ઉપયોગ કરે છે. |

**પ્રશ્ન 1 નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. (પ્રશ્ન દીઠ 2 ગુણ)**

1. મોરલીનો નાદ સાંભળીને વૃંદાવનમાં પશુ-પંખીઓ અને પ્રકૃતિ પર કેવી અસર થતી હશે? તમારી કલ્પના મુજબ વર્ણન કરો.
2. શ્રીકૃષ્ણનો પહેરવેશ (પીતાંબર, મુગટ, જામો) જોઈને તમને તે સમયના શાહી જીવન વિશે શો વિચાર આવે છે?
3. મીરાંબાઈએ કહ્યું છે કે 'દર્શન થકી દુઃખ ભાગે છે'. તમને કઈ વસ્તુ જોવાથી કે કયું કામ કરવાથી મનની શાંતિ મળે છે? શા માટે?
4. જો તમને કોઈ અવાજ કે સંગીત સાંભળીને નાચવાનું મન થાય, તો એવું કયું ગીત કે ધૂન છે? તે શા માટે ગમે છે ?
5. તમે નવાં કપડાં ખરીદવા જાતે જાઓ છો કે કોઈની સાથે? શા માટે ? તે નવાં કપડાં તમે ક્યારે અને કયા ખાસ પ્રસંગે પહેરો છો?

6. દેશની રક્ષા માટે સૈનિકો માઇનસ ડિગ્રી ઠંડીમાં ઊભા રહીને મનમાં શા વિચાર કરતા હશે?
7. પહાડી વિસ્તારમાં મુસાફરી કરતી વખતે સામાનમાં કઈ સાવચેતી રાખવી જોઈએ?શા-માટે ?
8. જો તમે દેશની સરહદ પર જાવ અને ત્યાંના સૈનિકોને મળો, તો તમે તેમને કયા ત્રણ પ્રશ્નો પૂછશો?
9. 'વિવિધતામાં એકતા' વિશે તમારા વિચારો લખો.
10. ડિજિટલ યુગમાં કાગળનો પત્ર લખવો જોઈએ? કેમ?
11. જો તમારી શાળામાં કોઈનું સન્માન કરવાનું હોય, તો તમે કઈ નવીન વસ્તુનો ઉપયોગ કરશો?
12. વર્ગખંડ અને શાળામાં થતા જૂથ કાર્ય વિશે તમારું મંતવ્ય જણાવો.
13. તમને કયું શાક સૌથી વધુ ભાવે છે અને કયું જરાય નથી ભાવતું? શા માટે?
14. પક્ષીઓ સાથે મૈત્રી કરવા માટે આપણે કેવું વર્તન કરવું જોઈએ?
15. જો પૃથ્વી પરથી પક્ષીઓ નાબૂદ થઈ જાય, તો પર્યાવરણના ચક્રમાં શું નુકસાન થાય?
16. પ્રાણીઓ અને મનુષ્યો વચ્ચેના પ્રેમ સંબંધો વિશે તમારાં મંતવ્યો જણાવો.
17. માતા પથ્થર શા-માટે ઉકાળી રહી છે ? તમારા શબ્દોમાં સમજાવો.
18. 'આખરે ચૂલો ચેત્યો' એકમમાં આખરે શબ્દ દ્વારા તમારા મનમાં કેવા વિચારો આવે છે. તે જણાવો.

## સ્વતંત્ર લેખન

**C-3.2 સમુચિત શૈલી અને ભાષાનો ઉપયોગ કરીને ગદ્ય, પદ્ય અને નાટક લખે છે.**

**G7324 શીખેલા ભાષારચના અને ભાષા સજ્જતાના ઘટકોનો પોતાના લેખનમાં ઉપયોગ કરે છે.**

**પ્રશ્ન 1. આપેલી વાર્તા પૂર્ણ કરો. (5 ગુણ)**

એક નાનકડું ગામ હતું. ત્યાં ઉમંગી નામની એક જિજ્ઞાસુ છોકરી રહેતી હતી. તે એક દિવસ વડવાઓના જૂના મકાનમાં સફાઈ કરી રહી હતી. તેને માળિયામાં સુંદર નકશીકામ વાળી પિત્તળની પેટી મળી. પેટી પર મોટું તાળું મારેલું હતું. પેટી પર ધૂળ બાઝેલી હતી. પણ જેવી ઉમંગીએ પેટી પરથી ધૂળ ઝાપટી કે તેને ત્યાં સોનેરી ચાવી જડી. ઉમંગીએ ડરતાં ડરતાં ચાવી તાળામાં નાખીને ધુમાવી અને...

**પ્રશ્ન 2. આપેલી વાર્તા પૂર્ણ કરો. (5 ગુણ)**

વર્ષ 2055 ચાલી રહ્યું હતું. ભારતના વિજ્ઞાનીઓની એક ટુકડી મંગળ ઉપરની પ્રયોગશાળામાં કામ કરી રહી હતી. બધાંએ પોતપોતાના કાનમાં હેડફોન ભેરવ્યા હતા. અચાનક ઉષ્માને પોતાના હેડફોનમાં એક વિચિત્ર અવાજ સંભળાયો. આ અવાજ મશીનનો નહોતો. આ અવાજ કોઈ જુદી જ ભાષાનો હતો- કોઈક ગીતનો હતો. આ ભાષાને સમજવા માટે ઉષ્માએ પોતાની કમ્પ્યૂટર સ્ક્રીન પર શબ્દો ટાઇપ કર્યા અને ટ્રાન્સલેશનનું બટન દબાવ્યું અને જે વાંચ્યું એ જોઈને બધાં સ્તબ્ધ થઈ ગયાં... મેસેજમાં લખ્યું હતું કે...

**પ્રશ્ન 3. આપેલી વાર્તા પૂર્ણ કરો. (5 ગુણ)**

આ નાનકડા ગોલુની વાત છે, ગોલુ કોઈ છોકરો નથી પણ એક રીંછ છે. એને કોઈ ભાઈબંધ જ નહોતો એટલે એ બહુ ઉદાસ રહેતું હતું. એ દોસ્તી કરે પણ કોની સાથે? એક દિવસ એણે પપ્પાને પૂછ્યું, "પપ્પા, મારે કોઈ ભાઈબંધ નથી એટલે મને મજા નથી આવતી. પપ્પાએ કહ્યું, "ચાલ, તને હું ભાઈબંધ બનાવવાનો આઇડિયા આપું." અને પપ્પાએ ગોલુના કાનમાં એક વાત કહી આ આઈડિયા કહ્યો. પપ્પાની વાત સાંભળી ગોલુ ખુશીથી નાચી ઊઠ્યો. આઈડિયા પ્રમાણે એણે...